# પ્રેમ, સમર્પણ અને અતૂટ વફાદારીનું અમર પ્રતીક-હાચિકો








https://www.youtube.com/watch?v=avgUoqRpWic

"જીવનમાં કેટલીક વિદાય એવી હોય છે, જેના માટે આપણે ક્યારેય તૈયાર હોતા નથી. પરંતુ સાચો પ્રેમ મૃત્યુ પછી પણ જીવંત રહે છે. શરીર દૂર થઈ શકે, પરંતુ યાદો અને લાગણીઓ ક્યારેય દૂર થતી નથી. પ્રેમનું સૌથી મોટું પ્રમાણ એ નથી કે કોઈ તમારી સાથે કેટલો સમય રહ્યો; પરંતુ એ છે કે તે તમારા હૃદયમાં કેટલો સમય જીવતો રહે છે."

શું તમે ક્યારેય હાચિકો નામના કૂતરા વિશે સાંભળ્યું છે? ના? જો તમે ક્યારેય જાપાન જશો, તો શક્યતા છે કે તમે તેના વિશે જરૂર સાંભળશો. હાચિકો જાપાનીઓ માટે એક રાષ્ટ્રીય નાયક છે! તે એટલો પ્રસિદ્ધ કૂતરો છે કે તેના જીવન પર અનેક ફિલ્મો બનાવવામાં આવી છે. જાપાનના ટોક્યો શહેરમાં આવેલા શિબુયા રેલવે સ્ટેશનની બાજુમાં તેની કાંસ્ય (બ્રોન્ઝ) પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે, જ્યાં દરરોજ સેંકડો લોકો તેની સાથે ફોટોગ્રાફ પડાવે છે. હોલીવુડે પણ હાચિકો પર **Hachiko – A Dog's Story** નામની એક ફિલ્મ બનાવી છે.

જાપાનના અકિતા પ્રાંતમાં ૧૯૨૩માં જન્મેલો એક નાનકડો અકિતા કૂતરો આગળ જઈને આખી દુનિયામાં વફાદારીનું પ્રતીક બન્યો. તેનું નામ હતું હાચિકો. હાચિકો ટોક્યો યુનિવર્સિટીના પ્રોફેસર હિડેસાબુરો ઉએનો સાથે રહેતો હતો. બંને વચ્ચેનો સંબંધ માત્ર માલિક અને પાલતુનો નહોતો, પરંતુ એક સાચા મિત્ર જેવો હતો. દરરોજ હાચિકો પોતાના માલિકને શિબુયા સ્ટેશન સુધી છોડવા જતો અને સાંજે તેઓ પાછા આવે ત્યારે તેમને લેવા સ્ટેશન પર પહોંચી જતો. પરંતુ એક દિવસ દુઃખદ ઘટના બની. પ્રોફેસર ઉએનોનું અચાનક અવસાન થયું અને તેઓ ક્યારેય ઘરે પાછા આવ્યા નહીં. હાચિકોને આ વાતની ખબર નહોતી. તે દરરોજ એ જ સમયે શિબુયા સ્ટેશન પર જઈને પોતાના પ્રિય મિત્રની રાહ જોતો રહ્યો. વરસાદ હોય કે ઠંડી, હાચિકોએ આશા છોડીને નહીં. ૧૯૨૫થી ૧૯૩૫ દરમિયાન દરરોજ, હાચિકો ટોક્યોના શિબુયા રેલવે સ્ટેશન પર પોતાના મૃત્યુ પામેલા માલિકના પાછા આવવાની આશામાં રાહ જોતો રહ્યો. તેણે લગભગ નવ વર્ષ, નવ મહિના અને પંદર દિવસ સુધી પોતાના માલિકની રાહ જોઈ. શરૂઆતમાં લોકો તેને સમજી શક્યા નહીં, પરંતુ જ્યારે તેની સાચી વાર્તા જાણી ત્યારે આખું જાપાન તેની વફાદારીથી પ્રભાવિત થયું. લોકો તેને પ્રેમ કરવા લાગ્યા અને તેને "ચુકેન હાચિકો" - વફાદાર કૂતરો તરીકે ઓળખવા લાગ્યા. હાચિકોનું ૧૯૩૫માં અવસાન થયું, પરંતુ તેની વાર્તા આજે પણ જીવંત છે. ટોક્યોના શિબુયા સ્ટેશન પર તેની પ્રતિમા ઊભી છે, જે દુનિયાને એક મહાન સંદેશ આપે છેઃ "સાચો પ્રેમ, વિશ્વાસ અને વફાદારી સમય અને અંતરથી ક્યારેય ઓછા થતા નથી." હાચિકો આપણને શીખવે છે કે સંબંધોની સાચી કિંમત પ્રેમ, સમર્પણ અને નિષ્ઠામાં છે.

કેટલાક જીવનનો અંત આવે છે, પરંતુ તેમની પ્રેરણાનો ક્યારેય અંત આવતો નથી." હાચિકોના અવસાનને ઘણા વર્ષો વીતી ગયા. સમય બદલાયો. લોકો બદલાયા. ટોક્યો શહેર પણ ઘણું બદલાઈ ગયું. નવી ઇમારતો બની. નવી ટ્રેનો દોડવા લાગી. નવી પેઢી આવી ગઈ. પરંતુ... શિબુયા સ્ટેશનની બહાર ઊભેલી હાચિકોની પ્રતિમા આજે પણ એ જ રીતે ઉભી છે. જાણે આજે પણ પોતાના પ્રિય માલિકની રાહ

જોઈ રહી હોય. દરરોજ હજારો લોકો તેની પાસે આવે છે. કોઈ ફોટા પાડે છે. કોઈ ફૂલ ચઢાવે છે. તો કોઈ શાંતિથી તેની સામે ઊભો રહી જીવન વિશે વિચારવા લાગે છે.

આ દુનિયામાં હજારો મિત્રો મળે છે, પરંતુ દરેક મિત્ર જીવનભર સાથ આપતો નથી. ઘણી વાર માણસો પોતાના સ્વાર્થ માટે સંબંધ બાંધે છે અને સમય આવતાં ભૂલી પણ જાય છે. પરંતુ ઈશ્વરે કેટલાક એવા આત્માઓનું સર્જન કર્યું છે કે જે પ્રેમ અને વફાદારીનો અર્થ સમગ્ર વિશ્વને શીખવી જાય છે. આ એવી જ એક એવા નિર્દોષ કૂતરાની એક સત્ય ઘટના છે કે જેણે પોતાના માલિક માટે માત્ર થોડા દિવસો કે થોડા મહિના નહીં, પરંતુ નવ વર્ષ, નવ મહિના અને પંદર દિવસ સુધી રાહ જોઈ.

તેનું નામ હતું હાચિકો. તે બોલી શકતો નહોતો, પરંતુ તેની આંખો બોલતી હતી. તે લખી શકતો નહોતો, પરંતુ તેનું જીવન એક એવું પુસ્તક બની ગયું, જે આજે પણ વિશ્વના લાખો લોકો વાંચે છે. તે કોઈ રાજા નહોતો... કોઈ મહાન વૈજ્ઞાનિક નહોતો... કોઈ યોદ્ધા પણ નહોતો... તેમ છતાં આજે દુનિયાભરના લોકો તેનું નામ આદરથી લે છે. કારણ કે તેણે દુનિયાને શીખવ્યું કે "પ્રેમ ક્યારેય શરતો પર ટકતો નથી; સાચો પ્રેમ તો અંતિમ શ્વાસ સુધી નિભાવવામાં આવે છે."

ઈ.સ. ૧૯૨૩નું વર્ષ હતું. જાપાનનો ઉત્તર ભાગના અકિતા પ્રાંતનું સુંદર શહેર ઓદાતે આવેલું છે. ચારે બાજુ બરફથી ઢંકાયેલા પહાડો...લીલાછમ જંગલો... નાના-નાના ખેતરો...અને કુદરતના ખોળામાં વસેલું આ શાંત ગામ છે. એ જ ગામના એક ખેડૂતના ઘરે અકિતા જાતિના કૂતરાએ ચાર સુંદર બચ્ચાંને જન્મ આપ્યો. તેમાંનું એક બચ્ચું બીજાં બધાં કરતાં અલગ હતું. તેનો રંગ દૂધ જેવો સફેદ હતો. મોટી ચમકતી આંખો હતી. નરમ રૂ જેવા વાળ હતા અને ચહેરા પર અદ્ભુત નિર્દોષતા હતી. ખેડૂતની પત્નીએ તેને ખોળામાં લઈને કહ્યું, "આ બચ્ચું કંઈક ખાસ છે."ખેડૂત હસીને બોલ્યા, "હા... તેની આંખોમાં એક અજાણી શાંતિ દેખાય છે."

બધા બચ્ચાં રમતાં, દોડતાં અને ધમાલ કરતાં. પરંતુ આ નાનકડું બચ્ચું ઘણી વાર આકાશ તરફ જોતું રહેતું. ક્યારેક પવન સાથે રમતું. ક્યારેક પતંગિયાની પાછળ દોડતું અને ક્યારેક ખેડૂતના પગ પાસે આવીને શાંતિથી સૂઈ જતું. ખેડૂત તેને ખૂબ પ્રેમ કરતો. તે રોજ સવારે તેને દૂધ પીવડાવતો. તેને ખોળામાં લઈને ખેતરોમાં ફરવા જતો. જ્યારે ખેડૂત કામ કરતો, ત્યારે નાનકડું બચ્ચું તેની પાછળ-પાછળ ફરતું. ગામના બાળકો પણ તેને ખૂબ પ્રેમ કરતા. "અરે, આપણો ધોળીયો મિત્ર આવી ગયો!" બાળકો બોલતાં અને તે આનંદથી તેમની વચ્ચે દોડવા લાગતું.પરંતુ ખેડૂત જાણતો હતો કે એક દિવસ આ બચ્ચું કોઈ સારા ઘરમાં જશે. તેનો જન્મ માત્ર તેમના ઘરમાં રહેવા માટે નહોતો થયો.કુદરતે તેના માટે કંઈક વિશેષ નિર્માણ કર્યું હતું.

એક દિવસ ખેડૂતને ટોક્યોમાંથી એક પત્ર મળ્યો. આ પત્ર લખ્યો હતો ટોક્યો ઈમ્પિરિયલ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાનના પ્રોફેસર હિદેસાબુરો ઉએનોએ. પ્રોફેસરને અકિતા જાતિનો એક સ્વસ્થ અને બુદ્ધિશાળી ગલૂડિયો જોઈએ હતો. ખેડૂતે પોતાના ચારેય ગલૂડિયાઓને જોયા. તેમની નજર ફરીથી એ જ સફેદ બચ્ચા પર આવીને અટકી. તેમણે મનમાં કહ્યું, "કદાચ ઈશ્વરે તેને આ જ દિવસ માટે બનાવ્યો છે." થોડા દિવસોમાં નક્કી થઈ ગયું કે આ નાનકડું બચ્ચું ટોક્યો જશે. ગામના બધા લોકો તેને વિદાય આપવા આવ્યા. ખેડૂતની પત્નીની આંખોમાં આંસુ હતાં. તેણીએ છેલ્લી વાર તેને ખોળામાં લઈને કહ્યું, "જ્યાં પણ જા, સૌને પ્રેમ આપજે." જાણે નાનકડા ગલૂડિયાએ તેમની વાત સમજી લીધી હોય તેમ તેણે પ્રેમથી તેમનો હાથ ચાટી લીધો.

લાંબી ટ્રેન મુસાફરી શરૂ થઈ. પ્રથમ વખત તે પોતાના ગામથી દૂર જઈ રહ્યો હતો. બારીમાંથી દેખાતા પહાડ... નદીઓ... જંગલો... ધીમે-ધીમે પાછળ રહી ગયા. સાંજ પડતાં ટ્રેન ટોક્યોના વ્યસ્ત શિબુયા સ્ટેશન પર પહોંચી. સ્ટેશન પર હજારો લોકોની ભીડ હતી. એ ભીડમાં એક ભદ્ર, શાંત અને હસમુખા વ્યક્તિ ઊભા હતા. તેઓ હતા... પ્રોફેસર હિદેસાબુરો ઉએનો. તેમણે પ્રેમથી ગલૂડિયાને ખોળામાં લીધો. થોડા ક્ષણ માટે બંનેની આંખો મળી. જાણે બંને વચ્ચે કોઈ શબ્દ વગરનું બંધન બંધાઈ ગયું. પ્રોફેસરે સ્મિત

સાથે કહ્યું, "આજથી તું મારો મિત્ર છે." અને એ જ દિવસે આ નાનકડા ગલૂડિયાનું નામ રાખવામાં આવ્યું—"હાચી." કોઈને ખબર નહોતી કે આ "હાચી" એક દિવસ સમગ્ર વિશ્વમાં "હાચિકો" તરીકે અમર બની જશે. "મહાનતા જન્મથી મળતી નથી; તે પ્રેમ, વિશ્વાસ અને સારા કર્મોથી પ્રાપ્ત થાય છે. નાનકડી શરૂઆત પણ એક દિવસ સમગ્ર વિશ્વને પ્રેરણા આપી શકે છે."

ટોક્યો શહેર... વિશાળ ઇમારતો, વ્યસ્ત રસ્તાઓ અને હજારો લોકોની દોડધામ. આ બધું હાચી માટે નવું હતું. તે પહેલી વાર પોતાના ગામથી દૂર આવ્યો હતો. આસપાસ અજાણ્યા ચહેરા, નવા અવાજો અને સતત દોડતી ટ્રેનો. શરૂઆતમાં તે થોડો ગભરાયો, પરંતુ તેની બાજુમાં ઊભેલા પ્રોફેસર હિદેસાબુરો ઉએનોનો પ્રેમાળ સ્પર્શ તેને વિશ્વાસ આપતો હતો. પ્રોફેસર તેને પોતાના ઘરે લઈને આવ્યા. ઘર ખૂબ મોટું નહોતું, પરંતુ તેમાં પ્રેમ અને આત્મીયતા ભરેલી હતી. ઘરમાં પ્રવેશતાં જ પ્રોફેસરે કહ્યું, "હાચી... આજથી આ તારું પણ ઘર છે." હાચીએ આખું ઘર સૂંઘીને જોયું. પછી ધીમે-ધીમે પ્રોફેસરના પગ પાસે આવીને બેસી ગયો. પ્રોફેસર સ્મિત કરી બોલ્યા, "મને લાગે છે કે આપણે જલ્દી જ ખૂબ સારા મિત્રો બની જઈશું." જાણે હાચી સમજી ગયો હોય તેમ તેણે પોતાની પૂંછડી હલાવી.

બીજા દિવસે વહેલી સવારે સૂર્યના પ્રથમ કિરણો બારીમાંથી અંદર આવ્યા. હાચી ઊંઘમાંથી જાગ્યો. તે સીધો પ્રોફેસરના ઓરડા પાસે ગયો. દરવાજો થોડો ખુલ્લો હતો. પ્રોફેસર હજુ પુસ્તક વાંચી રહ્યા હતા. હાચીએ ધીમેથી તેમના પગને અડકીને પોતાનું માથું તેમની ગોદમાં મૂકી દીધું. પ્રોફેસરે પુસ્તક બંધ કર્યું. તેમણે પ્રેમથી કહ્યું, "સુપ્રભાત, મારા મિત્ર." તે દિવસથી દરરોજની સવાર આ જ રીતે શરૂ થવા લાગી.

દિવસો પસાર થતા ગયા. હવે હાચી ઘરના દરેક સભ્યને ઓળખતો થઈ ગયો. પણ તેની સૌથી પ્રિય વ્યક્તિ તો પ્રોફેસર જ હતા. જ્યારે પ્રોફેસર અભ્યાસ કરતા, ત્યારે હાચી શાંતિથી તેમની બાજુમાં સૂઈ રહેતો. જ્યારે તેઓ બગીચામાં છોડને પાણી આપતા, ત્યારે હાચી તેમની પાછળ-પાછળ ફરતો. જો પ્રોફેસર થોડીવાર માટે પણ ઘરની બહાર જાય, તો હાચી દરવાજા પાસે બેસીને તેમની રાહ જોતો.

એક દિવસ પડોશીએ હસીને પૂછ્યું, "પ્રોફેસર, આ તો તમારી છાયા બની ગયો છે!" પ્રોફેસર હસ્યા. "છાયા તો સૂર્ય ઢળે ત્યારે છોડી દે છે... પરંતુ સાચો મિત્ર ક્યારેય સાથ છોડતો નથી."

એક દિવસ ખેડૂતને ટોક્યોમાંથી એક પત્ર મળ્યો. આ પત્ર લખ્યો હતો ટોક્યો ઈમ્પિરિયલ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાનના પ્રોફેસર હિદેસાબુરો ઉએનોએ. પ્રોફેસરને અકિતા જાતિનો એક સ્વસ્થ અને બુદ્ધિશાળી ગલૂડિયો જોઈએ હતો. ખેડૂતે પોતાના ચારેય ગલૂડિયાઓને જોયા. તેમની નજર ફરીથી એ જ સફેદ બચ્ચા પર આવીને અટકી. તેમણે મનમાં કહ્યું, "કદાચ ઈશ્વરે તેને આ જ દિવસ માટે બનાવ્યો છે." થોડા દિવસોમાં નક્કી થઈ ગયું કે આ નાનકડું બચ્ચું ટોક્યો જશે. ગામના બધા લોકો તેને વિદાય આપવા આવ્યા. ખેડૂતની પત્નીની આંખોમાં આંસુ હતાં. તેણીએ છેલ્લી વાર તેને ખોળામાં લઈને કહ્યું, "જ્યાં પણ જા, સૌને પ્રેમ આપજે." જાણે નાનકડા ગલૂડિયાએ તેમની વાત સમજી લીધી હોય તેમ તેણે પ્રેમથી તેમનો હાથ ચાટી લીધો.

લાંબી ટ્રેન મુસાફરી શરૂ થઈ. પ્રથમ વખત તે પોતાના ગામથી દૂર જઈ રહ્યો હતો. બારીમાંથી દેખાતા પહાડ... નદીઓ... જંગલો... ધીમે-ધીમે પાછળ રહી ગયા. સાંજ પડતાં ટ્રેન ટોક્યોના વ્યસ્ત શિબુયા સ્ટેશન પર પહોંચી. સ્ટેશન પર હજારો લોકોની ભીડ હતી. એ ભીડમાં એક ભદ્ર, શાંત અને હસમુખા વ્યક્તિ ઊભા હતા. તેઓ હતા... પ્રોફેસર હિદેસાબુરો ઉએનો. તેમણે પ્રેમથી ગલૂડિયાને ખોળામાં લીધો. થોડા ક્ષણ માટે બંનેની આંખો મળી. જાણે બંને વચ્ચે કોઈ શબ્દ વગરનું બંધન બંધાઈ ગયું. પ્રોફેસરે સ્મિત સાથે કહ્યું, "આજથી તું મારો મિત્ર છે." અને એ જ દિવસે આ નાનકડા ગલૂડિયાનું નામ રાખવામાં આવ્યું - "હાચી." કોઈને ખબર નહોતી કે આ "હાચી" એક દિવસ સમગ્ર વિશ્વમાં "હાચિકો" તરીકે અમર બની જશે. "મહાનતા જન્મથી મળતી નથી; તે પ્રેમ, વિશ્વાસ અને સારા કર્મોથી પ્રાપ્ત થાય છે. નાનકડી શરૂઆત પણ એક દિવસ સમગ્ર વિશ્વને પ્રેરણા આપી શકે છે."

ટોક્યો શહેર... વિશાળ ઇમારતો, વ્યસ્ત રસ્તાઓ અને હજારો લોકોની દોડધામ. આ બધું હાચી માટે નવું હતું. તે પહેલી વાર પોતાના ગામથી દૂર આવ્યો હતો. આસપાસ અજાણ્યા ચહેરા, નવા અવાજો અને સતત દોડતી ટ્રેનો. શરૂઆતમાં તે થોડો ગભરાયો, પરંતુ તેની બાજુમાં ઊભેલા પ્રોફેસર હિદેસાબુરો ઉએનોનો પ્રેમાળ સ્પર્શ તેને વિશ્વાસ આપતો હતો. પ્રોફેસર તેને પોતાના ઘરે લઈને આવ્યા. ઘર ખૂબ મોટું નહોતું, પરંતુ તેમાં પ્રેમ અને આત્મીયતા ભરેલી હતી. ઘરમાં પ્રવેશતાં જ પ્રોફેસરે કહ્યું, "હાચી... આજથી આ તારું પણ ઘર છે." હાચીએ આખું ઘર સૂંઘીને જોયું. પછી ધીમે-ધીમે પ્રોફેસરના પગ પાસે આવીને બેસી ગયો. પ્રોફેસર સ્મિત કરી બોલ્યા, "મને લાગે છે કે આપણે જલ્દી જ ખૂબ સારા મિત્રો બની જઈશું." જાણે હાચી સમજી ગયો હોય તેમ તેણે પોતાની પૂંછડી હલાવી.

બીજા દિવસે વહેલી સવારે સૂર્યના પ્રથમ કિરણો બારીમાંથી અંદર આવ્યા. હાચી ઊંઘમાંથી જાગ્યો. તે સીધો પ્રોફેસરના ઓરડા પાસે ગયો. દરવાજો થોડો ખુલ્લો હતો. પ્રોફેસર હજુ પુસ્તક વાંચી રહ્યા હતા. હાચીએ ધીમેથી તેમના પગને અડકીને પોતાનું માથું તેમની ગોદમાં મૂકી દીધું.પ્રોફેસરે પુસ્તક બંધ કર્યું. તેમણે પ્રેમથી કહ્યું, "સુપ્રભાત, મારા મિત્ર." તે દિવસથી દરરોજની સવાર આ જ રીતે શરૂ થવા લાગી.

દિવસો પસાર થતા ગયા. હવે હાચી ઘરના દરેક સભ્યને ઓળખતો થઈ ગયો. પણ તેની સૌથી પ્રિય વ્યક્તિ તો પ્રોફેસર જ હતા. જ્યારે પ્રોફેસર અભ્યાસ કરતા, ત્યારે હાચી શાંતિથી તેમની બાજુમાં સૂઈ રહેતો. જ્યારે તેઓ બગીચામાં છોડને પાણી આપતા, ત્યારે હાચી તેમની પાછળ-પાછળ ફરતો. જો પ્રોફેસર થોડીવાર માટે પણ ઘરની બહાર જાય, તો હાચી દરવાજા પાસે બેસીને તેમની રાહ જોતો.

એક દિવસ પડોશીએ હસીને પૂછ્યું, "પ્રોફેસર, આ તો તમારી છાયા બની ગયો છે!" પ્રોફેસર હસ્યા. "છાયા તો સૂર્ય ઢળે ત્યારે છોડી દે છે... પરંતુ સાચો મિત્ર ક્યારેય સાથ છોડતો નથી."

થોડા જ દિવસોમાં હાચીએ પ્રોફેસરની દિનચર્યા સમજી લીધી. દરરોજ સવારે તેઓ યુનિવર્સિટીમાં જવા નીકળતા. હાચી પણ તેમની સાથે ચાલતો. શરૂઆતમાં પ્રોફેસર તેને પાછો મોકલવાનો પ્રયત્ન કરતા. "હાચી, તું ઘરે જા." પણ હાચી બે પગ પાછળ જતો અને ફરી તેમની પાસે આવી જતો. પ્રોફેસર હસી પડતા. "ચાલ, આજે મારી સાથે જ આવ." તે દિવસ પછી દરરોજ હાચી પોતાના માલિક સાથે શિબુયા સ્ટેશન સુધી જવા લાગ્યો. સ્ટેશન સુધીનો રસ્તો હવે બંને માટે મિત્રતાનો રસ્તો બની ગયો.

રસ્તામાં મળતા બાળકો હાચીને બોલાવતા. "હાચી... હાચી..."તે થોડીવાર માટે તેમની સાથે રમતો, પણ તરત જ પોતાના માલિક પાસે પાછો આવી જતો. કારણ કે તેને ખબર હતી—

મારી સૌથી મોટી જવાબદારી મારા મિત્ર સાથે રહેવાની છે. સ્ટેશન પર પહોંચીને પ્રોફેસર ટ્રેનમાં બેસતા. ટ્રેન ઉપડતાં પહેલાં તેઓ બારીમાંથી હાથ હલાવતા. હાચી પણ પૂંછડી હલાવીને તેમને જોતો રહેતો. ટ્રેન આંખોથી ઓઝલ થઈ જાય ત્યાં સુધી તે ત્યાં જ ઊભો રહેતો. પછી ધીમે-ધીમે ઘરે પાછો ફરતો. પરંતુ સાંજ પડતાં... ઘડિયાળ જાણે પાંચ વાગ્યાની નજીક આવતી... હાચી ફરી ઊભો થઈ જતો. કોઈએ તેને શીખવ્યું નહોતું. કોઈએ કહ્યું નહોતું. પણ તેને ખબર હતી કે "હવે મારા મિત્ર પાછા આવશે." તે ફરી શિબુયા સ્ટેશન પહોંચતો. ટ્રેન આવતી. મુસાફરો ઉતરતા. હાચીની આંખો ભીડમાં માત્ર એક જ ચહેરો શોધતી. અને પછી... દૂરથી પ્રોફેસર દેખાતા. "હાચી..." હાચી દોડતો તેમની પાસે પહોંચતો. આનંદથી કૂદકા મારતો. પ્રોફેસર તેના માથા પર હાથ ફેરવતા. "મને ખબર હતી કે તું મારી રાહ જોતો જ હશે."

આ દૃશ્ય હવે રોજનું બની ગયું. સ્ટેશનના ટિકિટ ચેકર કહેતા, "જુઓ... પ્રોફેસરનો મિત્ર આવી ગયો." ચાવાળા હસીને કહેતા, "આવો હાચી... આજે પણ માલિકની રાહ જોવાય છે?" બાળકો તેને બિસ્કિટ આપતા. મુસાફરો તેના ફોટા ખેંચતા. પરંતુ હાચી માટે આ બધું મહત્વનું નહોતું. તેની નજર તો માત્ર એક જ વ્યક્તિને શોધતી - પ્રોફેસર ઉએનો.

એક સાંજે ભારે વરસાદ વરસી રહ્યો હતો. ઘણા લોકો સ્ટેશનની અંદર ઊભા હતા. પણ હાચી બહાર જ ઊભો રહ્યો. તે સંપૂર્ણ ભીનો થઈ ગયો. એક વૃદ્ધ માણસે કહ્યું, "અરે, અંદર આવી જા." પણ હાચી ખસ્યો નહીં. થોડીવાર પછી ટ્રેન આવી. પ્રોફેસર બહાર નીકળ્યા. તેમણે હાચીને ભીનો જોયો. તેમની

આંખો ભીની થઈ ગઈ. તેમણે પોતાનો કોટ ઉતારી હાચીના શરીર પર ઓઢાડી દીધો. અને ધીમેથી કહ્યું, "તું માત્ર કૂતરો નથી... તું મારા જીવનનો સૌથી સાચો મિત્ર છે." હાચીએ પ્રેમથી તેમનો હાથ ચાટી લીધો. આ દૃશ્ય જોઈને ત્યાં ઉભેલા ઘણા લોકોની આંખોમાં આંસુ આવી ગયા. તે દિવસે સૌ સમજ્યા કે પ્રેમ બોલવાથી નહીં, પરંતુ નિભાવવાથી સાબિત થાય છે.

"સાચા સંબંધમાં કોઈ સ્વાર્થ નથી હોતો. ત્યાં માત્ર વિશ્વાસ, લાગણી અને એકબીજા માટે જીવવાની તૈયારી હોય છે. જે મિત્ર સુખમાં નહીં, પરંતુ રોજિંદા જીવનમાં પણ તમારો સાથ આપે, તે જ સાચો મિત્ર કહેવાય."

"ક્યારેક જીવનની એક જ ક્ષણ આખું જીવન બદલી નાખે છે." વસંતઋતુનો સુંદર સવાર હતો. તારીખ હતી ૨૧ મે, ૧૯૨૫. ટોક્યો શહેરમાં સૂર્યના સોનેરી કિરણો ફેલાઈ રહ્યા હતા. વૃક્ષો પર બેઠેલા પક્ષીઓ મધુર કલરવ કરી રહ્યા હતા. દરેક દિવસની જેમ આજે પણ પ્રોફેસર હિદેસાબુરો ઉએનો વહેલા જાગ્યા. તેમણે બારી ખોલી. ઠંડો પવન અંદર આવ્યો. ત્યાં જ હાચી દોડતો-દોડતો તેમની પાસે આવ્યો. પ્રોફેસરે હસીને કહ્યું, "સુપ્રભાત, મારા મિત્ર!" હાચીએ પ્રેમથી તેમનો હાથ ચાટી લીધો. જાણે તે કહેતો હોય કે "આજનો દિવસ પણ આપણે સાથે પસાર કરીશું."

કોઈને ખબર નહોતી... કે આ તેમની છેલ્લી સવાર હતી.

નાસ્તો કરીને બંને ઘરેથી નીકળ્યા. રસ્તામાં રોજની જેમ ઓળખીતા લોકો મળ્યા. એક વૃદ્ધ દુકાનદાર બોલ્યા, "પ્રોફેસર સાહેબ, આજે પણ તમારો નાનો મિત્ર સાથે છે." પ્રોફેસર હસ્યા. "આ મારા વગર ક્યાં રહે છે?" હાચી આનંદથી દોડતો હતો. તેને શું ખબર... કે આજે તે પોતાના માલિક સાથે છેલ્લી વાર ચાલી રહ્યો હતો. શિબુયા સ્ટેશન આવી ગયું. ટ્રેન આવવાની હતી. પ્રોફેસરે ઘડિયાળ જોઈ. "હવે મારે જવું પડશે." તેમણે હાચીના માથા પર હાથ ફેરવ્યો. થોડો સમય તેની આંખોમાં જોયું. પછી હળવા અવાજે કહ્યું, "હાચી... સાંજે ફરી મળીશું." આ શબ્દો સાંભળીને હાચીએ પૂંછડી હલાવી. ટ્રેન આવી.

દરવાજા બંધ થયા. ટ્રેન ધીમે-ધીમે આગળ વધી. હાચી હંમેશની જેમ ત્યાં જ ઊભો રહ્યો. ટ્રેન નજરથી ઓઝલ થઈ ગઈ. તે પછી જ તે ઘરે પાછો ફર્યો. તેને સંપૂર્ણ વિશ્વાસ હતો કે સાંજે પાંચ વાગે મારા મિત્ર પાછા આવશે.

ટોક્યો ઈમ્પિરિયલ યુનિવર્સિટીમાં પ્રોફેસર ઉએનો પોતાના વિદ્યાર્થીઓને વ્યાખ્યાન આપી રહ્યા હતા. તેઓ ઉત્સાહથી સમજાવી રહ્યા હતા. અચાનક... તેમને ચક્કર આવ્યા. તેઓ નીચે પડી ગયા. વિદ્યાર્થીઓ ગભરાઈ ગયા. ડોક્ટરોને તરત બોલાવવામાં આવ્યા. બધાએ ખૂબ પ્રયત્ન કર્યો. પરંતુ... નસીબને કંઈક બીજું જ મંજૂર હતું. થોડી જ વારમાં પ્રોફેસર હિદેસાબુરો ઉએનોનું અવસાન થયું. એક મહાન શિક્ષક... એક દયાળુ માણસ... અને હાચીનો સૌથી પ્રિય મિત્ર... હવે આ દુનિયામાં રહ્યો નહોતો.

ઘડિયાળે પાંચ વાગ્યા. હાચી ઘરની બહાર ઊભો થયો. જેમ દરરોજ જતો હતો તેમ આજે પણ શિબુયા સ્ટેશન તરફ દોડ્યો. સ્ટેશન પર લોકોની ભીડ હતી. ટ્રેન આવી. મુસાફરો ઉતરવા લાગ્યા. હાચીની આંખો એક જ ચહેરો શોધી રહી હતી. "હવે આવશે..." એક પછી એક બધા લોકો બહાર નીકળી ગયા. પણ... પ્રોફેસર ક્યાંય દેખાયા નહીં. હાચી થોડું આગળ ગયો. ફરી પાછળ આવ્યો. ફરી પ્લેટફોર્મ તરફ જોયું. પછી બીજી ટ્રેન આવી. ફરી રાહ. ફરી આશા. ફરી નિરાશા.

સ્ટેશન માસ્ટર બધું જાણતા હતા. તેમણે હાચીને જોયો. તેમનું હૃદય દ્રવી ગયું. તેઓ ધીમેથી તેની પાસે આવ્યા. તેમણે હાચીના માથા પર હાથ ફેરવ્યો. ધીમા અવાજે બોલ્યા, "હાચી... તારો મિત્ર હવે ક્યારેય પાછો નહીં આવે." પણ... હાચીને માણસોની ભાષા ક્યાં સમજાતી હતી? તે તો માત્ર પોતાના મિત્રનો અવાજ ઓળખતો હતો. અને તે અવાજ આજે સંભળાતો નહોતો.

રાત્રિ પડી. સ્ટેશન ખાલી થવા લાગ્યું. દુકાનો બંધ થવા લાગી. લોકો પોતાના ઘરે જવા લાગ્યા. પણ હાચી ત્યાં જ બેઠો રહ્યો. તેની આંખો હજુ પણ દરવાજા પર જ હતી. કદાચ... હજુ એક ટ્રેન આવશે.

કદાચ... પ્રોફેસર મોડા આવશે. કદાચ... તેઓ દોડતા આવશે અને કહેશે કે "માફ કરજે હાચી... આજે મને મોડું થઈ ગયું." પણ... એવું કંઈ થયું નહીં.

મોડી રાત્રે હાચી ઘરે પાછો આવ્યો. દરવાજો ખુલ્લો હતો. ઘર શાંત હતું. પ્રોફેસરની ખુરશી ખાલી હતી. ટેબલ પર તેમનું ખુલ્લું પુસ્તક પડેલું હતું. ચશ્માં એ જ જગ્યાએ હતાં. હાચી ધીમે-ધીમે દરેક ઓરડામાં ગયો. જાણે પોતાના મિત્રને શોધી રહ્યો હોય. પછી તે પ્રોફેસરની ખુરશી પાસે આવીને સૂઈ ગયો. આખી રાત. તે સૂતો નહીં. દરેક અવાજ પર તે ઊભો થઈ જતો. પણ... દરવાજો ખૂલ્યો નહીં.

સૂર્ય ઊગ્યો. હાચી ઊભો થયો. તેના હૃદયમાં આશા હજુ જીવતી હતી. "કદાચ આજે આવશે..." અને... તે ફરી શિબુયા સ્ટેશન તરફ ચાલ્યો. તેને ખબર નહોતી... કે હવે આ રાહ... એક દિવસની નહીં... એક મહિનાની નહીં... એક વર્ષની પણ નહીં... પણ આખા નવ વર્ષ સુધી ચાલવાની હતી

"જીવનમાં કેટલીક વિદાય એવી હોય છે, જેના માટે આપણે ક્યારેય તૈયાર હોતા નથી. પરંતુ સાચો પ્રેમ મૃત્યુ પછી પણ જીવંત રહે છે. શરીર દૂર થઈ શકે, પરંતુ યાદો અને લાગણીઓ ક્યારેય દૂર થતી નથી. પ્રેમનું સૌથી મોટું પ્રમાણ એ નથી કે કોઈ તમારી સાથે કેટલો સમય રહ્યો; પરંતુ એ છે કે તે તમારા હૃદયમાં કેટલો સમય જીવતો રહે છે."

"આશા ક્યારેય મરતી નથી. જ્યાં પ્રેમ સાચો હોય છે, ત્યાં રાહ પણ પૂજા બની જાય છે." સૂર્ય ફરી ઊગ્યો. પ્રોફેસર ઉએનો હવે આ દુનિયામાં નહોતા. પરંતુ હાચીને એ વાતની જાણ નહોતી. તેને તો માત્ર એટલું જ યાદ હતું કે તેના માલિકે કહ્યું હતું કે "હાચી... સાંજે ફરી મળીશું." હાચી માટે આ એક સામાન્ય વાક્ય નહોતું. તે એક વચન હતું. અને તે પોતાના મિત્રના દરેક વચન પર વિશ્વાસ કરતો હતો.

સાંજના પાંચ વાગ્યા. હાચી ફરી શિબુયા સ્ટેશન પર પહોંચ્યો. એ જ પ્લેટફોર્મ... એ જ દરવાજો... એ જ રાહ... ટ્રેન આવી. લોકો ઉતરવા લાગ્યા. હાચી એક પછી એક દરેક ચહેરા તરફ જોવા લાગ્યો. દરેક વખતે તેને લાગતું કે "હવે મારા માલિક આવશે." પણ દરેક વખતે તેની આશા અધૂરી રહી જતી. સ્ટેશનના કર્મચારીઓએ આ દૃશ્ય જોયું. તેમના હૃદયમાં દુઃખ થયું. એક કર્મચારી બોલ્યો, "બિચારો હાચી... તેને હજુ ખબર નથી કે તેનો મિત્ર હવે ક્યારેય પાછો આવશે નહીં."



એક દિવસ...બે દિવસ... એક અઠવાડિયું... એક મહિનો... હાચીની દિનચર્યા જરા પણ બદલાઈ નહીં. સવારે જ્યાં રહેતો ત્યાંથી નીકળતો. દિવસ દરમિયાન આસપાસ ભટકતો. અને સાંજ પડતાં... ઘડિયાળ પાંચ વાગે તે ચોક્કસ શિબુયા સ્ટેશન પર હાજર રહેતો. એટલી નિયમિતતા તો કદાચ માણસોમાં પણ જોવા મળતી નહોતી. સમય આગળ વધતો ગયો. વસંત આવ્યો. ચેરી બ્લોસમના ગુલાબી ફૂલો સમગ્ર શહેરમાં ખીલી ઊઠ્યા. લોકો ખુશીથી ફોટા ખેંચતા. પણ હાચી? તે આજે પણ સ્ટેશનના દરવાજા તરફ જોતો હતો. ઉનાળો આવ્યો. ગરમ સૂર્યના તાપથી રસ્તાઓ ધગધગતા હતા. લોકો છાયામાં ઊભા રહેતા. પણ હાચી તડકાની પરવા કર્યા વગર પોતાની જગ્યાએ બેઠો રહેતો. પછી ચોમાસું આવ્યું. એક દિવસ એવો વરસાદ પડ્યો કે આખું સ્ટેશન પાણીથી ભરાઈ ગયું. વીજળીના કડાકા થતા. લોકો અંદર દોડી ગયા. પણ હાચી બહાર જ ઊભો રહ્યો. તેના શરીરમાંથી પાણી ટપકતું હતું. પણ તેની આંખો હજુ પણ દરવાજા પર જ હતી. જાણે તે મનમાં કહેતો હોય કે "જો મારા માલિક આવશે, તો હું અહીં ન હોઉં તો?" શિયાળો આવ્યો.

બરફ જેવી ઠંડી. હાડ થીજી જાય એવો પવન. ઘણા દિવસો તો લોકો બહાર પણ ન નીકળે. પણ હાચી? તે હંમેશની જેમ સ્ટેશન પર હાજર. તેના શરીર પર બરફ જામી જતો. પણ તેની આશા ક્યારેય જામી નહીં.

શરૂઆતમાં લોકો તેને એક સામાન્ય રખડતા કૂતરા તરીકે જ જોતા. કેટલાક બાળકો તેને ભગાડતા. કેટલાક લોકો કહેતા, "આ કૂતરો દરરોજ અહીં કેમ આવે છે?" પરંતુ ધીમે-ધીમે લોકો તેની વાર્તા જાણવા લાગ્યા. એક વૃદ્ધ સ્ટેશન કર્મચારીએ એક યુવાનને કહ્યું, "આ કૂતરો કોઈ ભોજન માટે નથી આવતો... આ પોતાના મિત્રની રાહ જોવા આવે છે." યુવાન આશ્ચર્યમાં પડી ગયો. "આટલા દિવસોથી?" વૃદ્ધે જવાબ આપ્યો, "ના... દિવસોથી નહીં. કદાચ વર્ષોથી." તે દિવસ પછી યુવાન રોજ હાચી માટે થોડું દૂધ લાવવા લાગ્યો.

એક દિવસ એક નાનકડો છોકરો પોતાની માતા સાથે સ્ટેશન પર આવ્યો. તેણે હાચીને જોયો. તે ધીમે-ધીમે તેની પાસે ગયો. પોતાના હાથમાં રહેલો બ્રેડનો ટુકડો તેની સામે રાખ્યો. હાચીએ બ્રેડ ખાધો. પછી ફરી દરવાજા તરફ જોવા લાગ્યો. છોકરાએ પૂછ્યું, "મા... આ કૂતરો કોની રાહ જુએ છે?" માતાએ આંખોમાં આંસુ સાથે જવાબ આપ્યો, "બેટા... આ દુનિયાનો સૌથી વફાદાર મિત્ર છે."

સમય જતાં શિબુયા સ્ટેશનના દરેક વ્યક્તિ માટે હાચી પરિવારનો સભ્ય બની ગયો. ચાવાળો તેને પાણી આપતો. ફૂલવાળી બહેન તેના માથા પર હાથ ફેરવતી. ટિકિટ ચેકર તેને નામથી બોલાવતો. એક વૃદ્ધ સફાઈ કર્મચારી તો દરરોજ કહેતા, "હાચી... આજે પણ આવી ગયો? તારો મિત્ર જરૂર તને જોઈ રહ્યો હશે." જાણે આખું સ્ટેશન તેની રાહમાં તેની સાથે જોડાઈ ગયું હતું.

વર્ષો વીતી ગયા... એક વર્ષ...બે વર્ષ... ત્રણ વર્ષ... ચાર વર્ષ... પાંચ વર્ષ... છ વર્ષ... સાત વર્ષ...આઠ વર્ષ... નવ વર્ષ... હાચી હવે વૃદ્ધ બની ગયો હતો. તેની ચાલ ધીમી પડી ગઈ હતી. આંખોની ચમક ઓછી થઈ ગઈ હતી. કાન પહેલાની જેમ ઊભા રહેતા નહોતા. પણ... તેના હૃદયમાં રહેલો પ્રેમ જરાય ઓછો થયો નહોતો. દરરોજ... એ જ સમય... એ જ પ્લેટફોર્મ... એ જ આશા...

એક સાંજે હાચી સ્ટેશનની બહાર બેઠો હતો. સૂર્ય ધીમે-ધીમે આથમતો હતો. આકાશ લાલ રંગથી રંગાઈ ગયું હતું. હાચીએ દૂર ક્ષિતિજ તરફ જોયું. થોડા ક્ષણ માટે તેને એવું લાગ્યું... જાણે પ્રોફેસર ઉએનો હસતાં-હસતાં તેની તરફ આવી રહ્યા હોય. તે તરત ઊભો થયો. પૂંછડી હલાવી. બે પગ આગળ વધ્યો. પણ... એ તો માત્ર તેની આંખોનો ભ્રમ હતો. હાચી ફરી ધીમેથી પોતાની જગ્યાએ બેસી ગયો. તે દિવસે સ્ટેશન પર ઊભેલા એક વૃદ્ધ માણસની આંખોમાંથી આંસુ વહી નીકળ્યા. તેઓ ધીમેથી બોલ્યા, "દુનિયામાં માણસો કરતાં આ કૂતરો પ્રેમનો સાચો અર્થ વધુ સારી રીતે સમજે છે." સાચો પ્રેમ ક્યારેય સમયની ગણતરી કરતો નથી. જ્યાં વિશ્વાસ હોય ત્યાં વર્ષો પણ ક્ષણ જેવા લાગે છે. હાચિકોએ આપણને શીખવ્યું કે વફાદારી કોઈ શબ્દ નથી પણ તે આખું જીવન જીવી બતાવવાની એક રીત છે. "જે વ્યક્તિ પોતાના સંબંધોને અંત સુધી નિભાવે છે, તે ક્યારેય સામાન્ય રહેતી નથી; તે ઇતિહાસ બની જાય છે. સાચું ચારિત્ર્ય એક દિવસ દુનિયાની નજરમાં જરૂર આવે છે. સૂર્યને વાદળો લાંબા સમય સુધી ઢાંકી શકતા નથી."

નવ વર્ષથી વધુ સમય વીતી ગયો હતો. હાચી હવે વૃદ્ધ થઈ ગયો હતો. તેના શરીરમાં પહેલાની જેવી તાકાત રહી નહોતી. ચાલતી વખતે તેના પગ ધ્રૂજતા. આંખોની ચમક ઓછી થઈ ગઈ હતી. પરંતુ... સાંજના પાંચ વાગે શિબુયા સ્ટેશન પર પહોંચવાની તેની આદત આજે પણ બદલાઈ નહોતી. લોકો હવે ઘડિયાળ કરતાં પણ વધુ વિશ્વાસ હાચી પર રાખતા. કોઈ કહેતો, "જુઓ... હાચી આવી ગયો. એટલે પાંચ વાગ્યા હશે." બીજો હસીને જવાબ આપતો, "હા, આ કૂતરો ક્યારેય મોડો પડતો નથી

એક દિવસ સ્ટેશન પર એક યુવાન આવ્યો. તેનું નામ હતું હિરોકિ સાઇતો. તે પ્રોફેસર ઉએનોના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતો અને અકિતા જાતિના કૂતરાઓ વિશે માહિતી એકત્ર કરી રહ્યો હતો. તેણે સ્ટેશન પર દરરોજ એક જ જગ્યાએ બેઠેલા હાચીને જોયો. તેણે સ્ટેશનના કર્મચારીઓને પૂછ્યું, "આ કૂતરો દરરોજ અહીં કેમ આવે છે?" એક વૃદ્ધ કર્મચારીએ ધીમેથી આખી ઘટના કહી. પ્રોફેસર ઉએનો... તેમનું અચાનક અવસાન... અને હાચીની અવિરત રાહ... હિરોકિ સાઇતો લાંબા સમય સુધી કંઈ બોલી શક્યો નહીં. તેની

આંખોમાં આંસુ આવી ગયા. તેમણે મનમાં વિચાર્યું, "આવી વફાદારી વિશે આખા દેશને ખબર હોવી જોઈએ." થોડા દિવસો પછી એક અખબારમાં હાચી વિશે વિગતવાર લેખ પ્રકાશિત થયો. લેખનું શીર્ષક હતું, "એક કૂતરો, જે આજે પણ પોતાના માલિકની રાહ જુએ છે." લેખમાં હાચીની રોજની રાહ, પ્રોફેસર ઉએનો પ્રત્યેનો પ્રેમ અને તેની અદ્ભુત વફાદારીનું હૃદયસ્પર્શી વર્ણન હતું. સવારે હજારો લોકોએ એ લેખ વાંચ્યો. ઘણા લોકોની આંખોમાં આંસુ આવી ગયા. લોકો એકબીજાને કહેવા લાગ્યા, "શું ખરેખર આવું બની શકે?" "એક કૂતરો આટલો વફાદાર હોઈ શકે?"થોડા જ દિવસોમાં સમગ્ર જાપાનમાં એક જ નામ ગુંજવા લાગ્યું - "હાચિકો."

હવે શિબુયા સ્ટેશન પર માત્ર મુસાફરો જ નહોતા આવતા. દૂર-દૂરના શહેરોમાંથી લોકો માત્ર હાચીને જોવા આવતા. કેટલાક પરિવાર સાથે આવતા. કેટલાક બાળકોને લઈને આવતા. એક નાની છોકરી હાચીને જોઈને બોલી, "મા, આ તો સાચો હીરો છે." તેની માતાએ કહ્યું, "હા દીકરી, હીરો બનવા માટે તાકાત નહીં, પરંતુ વફાદારી જોઈએ."

શાળાઓમાં શિક્ષકો હાચીની વાર્તા કહેવા લાગ્યા. એક શિક્ષકે વર્ગમાં પૂછ્યું, "બાળકો, સાચો મિત્ર કોને કહેવાય?" કોઈએ કહ્યું, "જે રમકડાં વહેંચે." બીજાએ કહ્યું, "જે મુશ્કેલીમાં મદદ કરે." શિક્ષક સ્મિત કરીને બોલ્યા, "આ બધા જવાબ સાચા છે. પરંતુ જો સાચી વફાદારી જોવી હોય તો હાચિકોને યાદ કરજો." તે દિવસ પછી હજારો બાળકો પોતાના ઘરના પાલતુ પ્રાણીઓ સાથે વધુ પ્રેમથી વર્તવા લાગ્યા.

એક દિવસ લગભગ સિત્તેર વર્ષની એક મહિલા સ્ટેશન પર આવી. તેણે હાચીને પ્રેમથી માથા પર હાથ ફેરવ્યો. ધીમા અવાજે બોલી, "મારા પતિને ગુમાવ્યાને દસ વર્ષ થયા. આજે તને જોઈને મને સમજાયું કે સાચો પ્રેમ ક્યારેય મરતો નથી." હાચીએ તેમની તરફ શાંતિથી જોયું. જાણે તે તેમના દુઃખને સમજી ગયો હોય.

હાચિકો હવે માત્ર કૂતરો નહોતો... તે હવે... વફાદારીનું પ્રતીક હતો. પ્રેમનું પ્રતીક હતો. આશાનું પ્રતીક હતો. લોકો તેની સાથે ફોટા પડાવતા. બાળકો તેને ફૂલ પહેરાવતા. કોઈ તેને દૂધ આપતું. કોઈ બિસ્કિટ. પણ હાચી માટે સૌથી કિંમતી ભેટ આજે પણ એ જ હતી - દરવાજા તરફ જોઈને પોતાના મિત્રની રાહ જોવી.

હાચીની અદ્ભુત વફાદારીથી પ્રભાવિત થઈને લોકોએ નક્કી કર્યું કે તેને જીવતાં જ સન્માન આપવું જોઈએ. દાન એકત્ર થવા લાગ્યું. શિલ્પકારોએ તેની પ્રતિમા બનાવવાનું શરૂ કર્યું. અને આખરે... ૨૧ એપ્રિલ, ૧૯૩૪ના રોજ શિબુયા સ્ટેશનની બહાર હાચિકોની કાંસાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે હાચિકો પોતે પણ હાજર હતો. હજારો લોકો તાળીઓ પાડી રહ્યા હતા. બાળકો આનંદથી ઝૂમી રહ્યા હતા. હાચીને કદાચ ખબર નહોતી કે આ બધું શા માટે છે.

તે તો માત્ર શાંતિથી બેઠો હતો. કદાચ... તે હજુ પણ પોતાના મિત્રને શોધી રહ્યો હતો.

પ્રતિમાનું અનાવરણ પૂરું થયું. એક વૃદ્ધ શિક્ષકે ત્યાં ઉભેલા લોકોને કહ્યું કે "મિત્રો, યાદ રાખજો... પથ્થરની પ્રતિમા મહાન નથી હોતી. મહાન તો એ જીવન હોય છે, જેના કારણે પ્રતિમા ઊભી થાય." આ શબ્દો સાંભળીને સમગ્ર મેદાન તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યું."સાચું જીવન એ નથી કે કેટલા લોકો તમને ઓળખે છે; સાચું જીવન એ છે કે તમારા સારા ગુણો કેટલાં લોકોના જીવનને બદલી શકે છે." "માન-સન્માન માંગવાથી મળતું નથી; તે પોતાના ચારિત્ર્ય અને સદાચારથી કમાવવું પડે છે."

"શરીર એક દિવસ વિદાય લે છે, પરંતુ સારા કર્મો અને સાચો પ્રેમ ક્યારેય મૃત્યુ પામતા નથી." શિબુયા સ્ટેશન પર રોજની જેમ લોકોની અવરજવર ચાલુ હતી. ટ્રેનો આવતી અને જતી. મુસાફરો દોડતા. વિક્રેતાઓ પોતાના કામમાં વ્યસ્ત રહેતા. પરંતુ આ બધાની વચ્ચે એક વૃદ્ધ મિત્ર આજે પણ પોતાની જગ્યાએ શાંતિથી બેઠો હતો. તે હતો... હાચિકો. હવે તેની ઉંમર વધી ગઈ હતી.

તેના સફેદ વાળ ધીમે-ધીમે ધૂસર બનવા લાગ્યા હતા. શરીર પહેલાની જેમ મજબૂત રહ્યું નહોતું. ચાલતી વખતે પગ કંપતા. શ્વાસ થોડો ભારે લાગતો. પરંતુ... તેની આંખોમાં આજે પણ એક જ આશા જીવતી હતી કે "કદાચ આજે મારા માલિક આવશે."

સમય કોઈને છોડતો નથી. જે હાચી ક્યારેક આનંદથી દોડતો હતો... આજે તે ધીમે-ધીમે ચાલતો હતો. જે કાન હંમેશા સતર્ક રહેતા હતા... તે હવે થોડીક ઢીલા પડી ગયા હતા. જે આંખો દૂરથી જ પ્રોફેસરને ઓળખી લેતી હતી... તે હવે ધૂંધળું જોવા લાગી હતી. પરંતુ... જ્યારે પણ સાંજે પાંચ વાગે ટ્રેનનો અવાજ આવતો... હાચી તરત ઊભો થઈ જતો. જાણે શરીર વૃદ્ધ થઈ ગયું હતું... પણ હૃદય આજે પણ યુવાન હતું. હવે આખું શિબુયા હાચીનું પરિવાર બની ગયું હતું. દુકાનદારો તેને પ્રેમથી ખવડાવતા. સ્ટેશનના કર્મચારીઓ તેની કાળજી રાખતા. બાળકો તેને ફૂલ પહેરાવતા. એક નાનકડો છોકરો દરરોજ શાળાએ જતાં પહેલાં હાચીને નમસ્કાર કરતો. એક દિવસ તેના પિતાએ પૂછ્યું, "તું દરરોજ આ કૂતરાને નમસ્કાર કેમ કરે છે?" છોકરાએ ખૂબ સુંદર જવાબ આપ્યો. "કારણ કે આ મને શીખવે છે કે પોતાના પ્રિયજનને ક્યારેય ભૂલવા નહીં." તે જવાબ સાંભળીને પિતાની આંખો ભીની થઈ ગઈ.

ઈ.સ. ૧૯૩૫નું વર્ષ. હાચીની તબિયત હવે ઘણી નબળી પડી ગઈ હતી. કેટલાક દિવસો તો તેને ઊભા થવામાં પણ મુશ્કેલી પડતી. લોકો કહેતા, "હાચી, આજે આરામ કર." પણ... તે સાંભળતો જ નહોતો. જાણે તેની અંદરથી કોઈ અવાજ આવતો હોય કે "જો આજે મારા માલિક આવી જાય તો?" અને તે ફરી સ્ટેશન તરફ નીકળી પડતો.




માર્ચ મહિનાની એક સવાર હતી. ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. હાચી ધીમે-ધીમે શિબુયા સ્ટેશન તરફ ચાલ્યો. દરેક પગલું ભારે લાગતું હતું. પણ તેની આંખોમાં હજુ પણ આશા હતી. સ્ટેશન પર પહોંચીને તે પોતાની વર્ષોથી નિશ્ચિત જગ્યાએ બેસી ગયો. ટ્રેન આવી. લોકો ઉતર્યા. ભીડ છૂટી ગઈ. હાચીએ એક પછી એક દરેક ચહેરા તરફ જોયું. પણ... આજે પણ પ્રોફેસર દેખાયા નહીં. તે ધીમેથી માથું નીચે ઝુકાવીને બેસી ગયો. થોડા દિવસો પછી, ૮ માર્ચ, ૧૯૩૫ના રોજ, શિબુયા નજીક હાચિકોનું અવસાન થયું. તેના અવસાનના સમાચાર સમગ્ર જાપાનમાં ઝડપથી ફેલાયા. લોકો માટે તે માત્ર એક કૂતરાનું મૃત્યુ નહોતું; તે વફાદારીના જીવંત પ્રતીકને વિદાય આપવાનો ક્ષણ હતી. સ્ટેશનના કર્મચારીઓ રડી પડ્યા. દુકાનદારો નિઃશબ્દ થઈ ગયા. ઘણા લોકો ફૂલ લઈને આવ્યા. એક વૃદ્ધ મહિલા બોલી, "આજે માત્ર એક કૂતરો નથી ગયો... આજે પ્રેમનો એક જીવંત પાઠ આપણને છોડીને ગયો છે."



બીજા દિવસે અખબારોમાં મોટા અક્ષરોમાં સમાચાર છપાયા. "હાચિકો હવે નથી રહ્યો." હજારો લોકો શિબુયા સ્ટેશન પર પહોંચ્યા. કોઈએ ફૂલ ચઢાવ્યાં. કોઈએ પ્રાર્થના કરી. કોઈએ મૌન પાળ્યું. બાળકોની આંખોમાં આંસુ હતાં. એક બાળક ધીમેથી બોલ્યો, "મા... હવે હાચી પોતાના માલિકને મળી ગયો હશે ને?" માતાએ આકાશ તરફ જોયું અને જવાબ આપ્યો, "હા બેટા... હવે બંને ક્યારેય અલગ નહીં પડે."





વર્ષો વીતી ગયા. દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન હાચિકોની મૂળ કાંસાની પ્રતિમા ધાતુની જરૂરિયાતને કારણે ઓગાળવામાં આવી. પરંતુ યુદ્ધ પછી, લોકોના પ્રેમને કારણે ૧૯૪૮માં નવી પ્રતિમા સ્થાપિત કરવામાં આવી, જે આજે પણ શિબુયા સ્ટેશનની બહાર ગૌરવથી ઊભી છે. આજે પણ... દરરોજ હજારો લોકો ત્યાં આવે છે. પ્રવાસીઓ ફોટા પડાવે છે. બાળકો હાચીની વાર્તા સાંભળે છે. અને દરેક વ્યક્તિ એક જ વાત લઈને પાછો જાય છે કે "સાચો પ્રેમ ક્યારેય મરતો નથી."

ટોક્યો યુનિવર્સિટીમાં આજે પણ પ્રોફેસર ઉએનો અને હાચિકોની સ્મૃતિને સન્માન આપવામાં આવે છે. લોકો માને છે કે મૃત્યુએ તેમના શરીરને અલગ કર્યા... પણ પ્રેમને ક્યારેય અલગ કરી શક્યો નહીં. એક સુંદર કાવ્યમાં લખાયું છે કે "જે રાહ પ્રેમથી જોવામાં આવે છે, તે ક્યારેય વ્યર્થ જતી નથી. કારણ કે પ્રેમનો દરેક ક્ષણ ઈશ્વર સુધી પહોંચી જાય છે."

"કેટલાક જીવનનો અંત આવે છે, પરંતુ તેમની પ્રેરણાનો ક્યારેય અંત આવતો નથી." હાચિકોના અવસાનને ઘણા વર્ષો વીતી ગયા. સમય બદલાયો. લોકો બદલાયા. ટોક્યો શહેર પણ ઘણું બદલાઈ ગયું. નવી ઇમારતો બની. નવી ટ્રેનો દોડવા લાગી. નવી પેઢી આવી ગઈ. પરંતુ... શિબુયા સ્ટેશનની બહાર ઊભેલી હાચિકોની પ્રતિમા આજે પણ એ જ રીતે ઉભી છે. જાણે આજે પણ પોતાના પ્રિય માલિકની રાહ જોઈ રહી હોય. દરરોજ હજારો લોકો તેની પાસે આવે છે. કોઈ ફોટા પાડે છે. કોઈ ફૂલ ચઢાવે છે. તો કોઈ શાંતિથી તેની સામે ઊભો રહી જીવન વિશે વિચારવા લાગે છે. હાચિકોની વફાદારીની કથા માત્ર જાપાન પૂરતી મર્યાદિત રહી નહીં. ધીમે-ધીમે તે વિશ્વના અનેક દેશોમાં પહોંચી. પુસ્તકો લખાયા. સામયિકોમાં લેખો પ્રકાશિત થયા. શાળાઓમાં બાળકોને તેની વાર્તા સંભળાવવામાં આવવા લાગી. વિશ્વના ઘણા શિક્ષકો કહેવા લાગ્યા— "જો વફાદારી સમજાવવી હોય તો હાચિકોની વાર્તા કહો." આજે પણ વિશ્વની અનેક ભાષાઓમાં હાચિકોની કથા ઉપલબ્ધ છે અને લાખો લોકો તેને વાંચીને પ્રેરણા મેળવે છે.

ઈ.સ. ૧૯૩૭માં, વિશ્વવિખ્યાત લેખિકા અને સમાજસેવિકા હેલન કેલર જાપાનની મુલાકાતે આવી. ત્યાં તેમણે હાચિકોની કથા સાંભળી. આ કથા સાંભળીને તેઓ ખૂબ ભાવવિભોર થઈ ગયા. તેમણે કહ્યું, "આવો વફાદાર મિત્ર દુનિયામાં બહુ દુર્લભ હોય છે." હેલન કેલરે પોતાની ઇચ્છા વ્યક્ત કરી કે તેમને પણ અકિતા જાતિનો કૂતરો મળે. જાપાનના લોકોએ તેમને 'કામિકાઝે-ગો' નામનો અકિતા કૂતરો ભેટ આપ્યો. દુર્ભાગ્યે તે થોડા સમય પછી મૃત્યુ પામ્યો. પછી જાપાન સરકારે તેમને બીજા અકિતા કૂતરા 'કેંઝાન-ગો'ની

ભેટ આપી. આ રીતે હેલન કેલર અમેરિકા લઈ જવામાં આવેલા અકિતા જાતિના પ્રથમ કૂતરાઓમાંના એક સાથે જોડાયા. હાચિકોની કથાએ અકિતા જાતિને વિશ્વભરમાં ઓળખ અપાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી.

હાચિકોની વાર્તા એટલી હૃદયસ્પર્શી હતી કે તેના પર અનેક ફિલ્મો બની. સૌથી જાણીતી બે ફિલ્મો છે -

૧. "Hachikō Monogatari" (૧૯૮૭): આ જાપાનીઝ ફિલ્મમાં હાચિકોના જીવનને ખૂબ જ વાસ્તવિક રીતે દર્શાવવામાં આવ્યું છે. પ્રોફેસર ઉએનો અને હાચિકો વચ્ચેનો પ્રેમ, રોજની રાહ અને અંતિમ વિદાય—બધું જ ખૂબ ભાવનાત્મક રીતે રજૂ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ આજે પણ જાપાનની શ્રેષ્ઠ પ્રેરણાત્મક ફિલ્મોમાં ગણાય છે.

૨. "Hachi: A Dog's Tale" (૨૦૦૯) : હોલિવૂડમાં બનેલી આ ફિલ્મમાં પ્રખ્યાત અભિનેતા રિચર્ડ ગિયર મુખ્ય ભૂમિકામાં છે. જોકે ફિલ્મની પૃષ્ઠભૂમિ અમેરિકાની છે, પરંતુ તેનો મૂળ આધાર હાચિકોની જ સત્યકથા છે. આ ફિલ્મ જોઈને વિશ્વભરના લાખો લોકોની આંખો ભીની થઈ ગઈ. ઘણા લોકોએ પોતાના પાલતુ પ્રાણીઓ પ્રત્યે વધુ પ્રેમ અને જવાબદારી અનુભવવાનું શરૂ કર્યું.

આજે જો કોઈ ટોક્યો જાય અને શિબુયા સ્ટેશનની મુલાકાત ન લે તો તેની યાત્રા અધૂરી માનવામાં આવે છે. સ્ટેશનની બહાર ઉભેલી હાચિકોની પ્રતિમા માત્ર એક સ્મારક નથી. તે પ્રેમનું મંદિર છે. મિત્રતાનું પ્રતીક છે. વફાદારીનો જીવંત સંદેશ છે. આજે પણ ઘણા મિત્રો એકબીજાને કહે છે કે "ચાલ, હાચિકોની પ્રતિમા પાસે મળીશું." તે સ્થાન હવે વિશ્વનું પ્રસિદ્ધ મળવાનું સ્થળ બની ગયું છે.

હાચિકો બોલી શકતો નહોતો. પરંતુ તેણે પોતાના જીવન દ્વારા દુનિયાને ઘણું બધું શીખવ્યું.

૧. સાચો પ્રેમ ક્યારેય સ્વાર્થથી ભરેલો નથી. જે સંબંધમાં માત્ર લેવાની ઇચ્છા હોય તે પ્રેમ નથી. સાચો પ્રેમ તો આપવાનું જાણે છે.

૨. વફાદારી સૌથી મોટો ગુણ છે. દુનિયામાં પૈસા કમાવા સરળ છે. પ્રસિદ્ધિ મેળવવી પણ સરળ છે. પરંતુ વિશ્વાસ જીતવો સૌથી મુશ્કેલ છે. હાચિકોએ પોતાના જીવનથી વિશ્વાસ જીત્યો.

૩. સંબંધો સમય માંગે છે. પ્રોફેસર ઉએનોએ હાચીને માત્ર ખવડાવ્યો નહોતો. તેમણે તેને પ્રેમ આપ્યો. અને પ્રેમનો જવાબ હાચીએ આખું જીવન રાહ જોઈને આપ્યો.

૪. ક્યારેય પોતાના પ્રિયજનોને અવગણશો નહીં. ઘણી વાર આપણે પરિવાર અને મિત્રો માટે સમય કાઢતા નથી. હાચિકોની વાર્તા યાદ અપાવે છે કે સૌથી કિંમતી ભેટ સમય અને પ્રેમ છે.

આપણે સૌ જીવનમાં કોઈને કોઈ હાચિકો મળ્યા છીએ. કદાચ આપણા માતા-પિતા... કદાચ આપણા દાદા-દાદી... કદાચ કોઈ મિત્ર... અથવા કોઈ શિક્ષક... જેમણે નિઃસ્વાર્થ પ્રેમ આપ્યો છે. પ્રશ્ન એ નથી કે હાચિકો કેટલો મહાન હતો. પ્રશ્ન એ છે કે શું આપણે પણ આપણા સંબંધોમાં એટલા જ વફાદાર છીએ? જો હાચિકોની વાર્તા વાંચીને આપણે પોતાના પરિવારને વધુ પ્રેમ કરીએ... મિત્રોને વધુ માન આપીએ... અને પોતાના વચનોને નિભાવવાનું શીખીએ... તો હાચિકો આજે પણ જીવંત છે.

"દુનિયામાં સૌથી લાંબી રાહ તે નથી, જે રસ્તા પર જોવામાં આવે છે; સૌથી લાંબી રાહ તે છે, જે પ્રેમથી હૃદયમાં જોવામાં આવે છે." "હાચિકોએ પોતાના જીવનથી શીખવ્યું કે પ્રેમ ક્યારેય મરતો નથી. શરીર એક દિવસ વિદાય લે છે, પરંતુ વફાદારી, વિશ્વાસ અને નિઃસ્વાર્થ લાગણી યુગો સુધી જીવંત રહે છે."

૮ માર્ચ, ૧૯૩૫ના રોજ જાપાનના સૌથી વફાદાર કૂતરા હાચિકોનું અવસાન થયું. તે સમયે તેની ઉંમર લગભગ અગિયાર વર્ષ હતી. લગભગ દસ વર્ષ સુધી પોતાના પ્રિય માલિક પ્રોફેસર હિદેસાબુરો ઉએનોની રાહ જોનાર આ વફાદાર મિત્રના અવસાનના સમાચાર સમગ્ર જાપાનમાં શોકનું મોજું ફેલાવી ગયા. અખબારોમાં મુખ્ય સમાચાર તરીકે તેની મૃત્યુની નોંધ પ્રસિદ્ધ થઈ અને હજારો લોકોએ તેને માત્ર એક કૂતરા તરીકે નહીં, પરંતુ વફાદારીના જીવંત પ્રતીક તરીકે શ્રદ્ધાંજલિ અર્પણ કરી. હાચિકોના મૃત્યુ પછી તેનો અંતિમ વિદાય સમારોહ અત્યંત આદર અને સન્માન સાથે યોજાયો.તે સમયના પ્રખ્યાત

પ્રાણીવિજ્ઞાનીઓ, પશુચિકિત્સકો, પ્રોફેસરો, શિબુયા વિસ્તારના રહેવાસીઓ અને હાચિકોને પ્રેમ કરનારા અનેક લોકો તેની અંતિમ વિદાયમાં હાજર રહ્યા. હાચિકોના શરીરને સુંદર રીતે શણગારવામાં આવ્યું. તેની આસપાસ સફેદ અને રંગબેરંગી ફૂલોથી સજાવટ કરવામાં આવી. ઘણા લોકોએ તેની સામે નમન કરીને આંસુભીની આંખોથી વિદાય આપી. તે દિવસ સામાન્ય કૂતરાના અંતિમ સંસ્કારનો નહોતો; તે જાપાનના એક મહાન વફાદાર મિત્રને આપવામાં આવેલું રાષ્ટ્રીય સન્માન હતું.




હાચિકોના માલિક પ્રોફેસર હિદેસાબુરો ઉએનોનું દફન ટોક્યોના“આઓયામા” કબ્રસ્તાન (Aoyama Cemetery)માં કરવામાં આવ્યું હતું. હાચિકોનું શરીર વૈજ્ઞાનિક અભ્યાસ માટે સાચવવામાં આવ્યું હતું, તેથી તેનું સંપૂર્ણ શરીર કબરમાં દફનાવવામાં આવ્યું નહોતું. પરંતુ હાચિકોની અસ્થિઓ (રાખ)ને અત્યંત આદરપૂર્વક પ્રોફેસર ઉએનોની કબરની બાજુમાં દફનાવવામાં આવી. આ રીતે હાચિકો, જે જીવનભર પોતાના માલિકની રાહ જોતો રહ્યો, મૃત્યુ પછી અંતે પોતાના પ્રિય માલિકની બાજુમાં હંમેશ માટે સ્થાન પામ્યો. આ ઘટના લાખો લોકો માટે અત્યંત ભાવુક અને પ્રેરણાદાયક બની.

હાચિકોના મૃત્યુ પછી પ્રોફેસર ઉએનોની કબર પર આવતા લોકો હાચિકોને પણ શ્રદ્ધાંજલિ આપવા લાગ્યા. આજે પણ જાપાન અને વિદેશથી આવેલા અસંખ્ય મુલાકાતીઓ આઓયામા કબ્રસ્તાનમાં જઈને પ્રોફેસર ઉએનો અને હાચિકો બંનેને ફૂલો અર્પણ કરે છે. સમય જતાં હાચિકોની વફાદારીની ગાથા સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ થઈ. વર્ષ ૨૦૧૫માં, હાચિકોના અવસાનની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે ટોક્યો યુનિવર્સિટીના પરિસરમાં એક વિશેષ કાંસ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવી. આ પ્રતિમામાં એક અત્યંત હૃદયસ્પર્શી દૃશ્ય દર્શાવવામાં આવ્યું છે— પ્રોફેસર ઉએનો પોતાના કાર્યસ્થળેથી પરત ફરી રહ્યા છે અને હાચિકો આનંદથી તેમની તરફ દોડી રહ્યો છે. વર્ષો સુધી રાહ જોનાર વફાદાર મિત્ર અને તેના માલિકનું આ પ્રતીકાત્મક પુનર્મિલન વિશ્વની સૌથી ભાવનાત્મક પ્રતિમાઓમાંની એક માનવામાં આવે છે. આ પ્રતિમા એ સંદેશ આપે છે કે સાચો પ્રેમ અને વફાદારી સમય કે મૃત્યુની સીમાઓથી પર હોય છે. પછીના વર્ષોમાં પ્રોફેસર ઉએનોની જીવનસાથી યાએકો સકાનોની અંતિમ ઇચ્છા પણ પૂર્ણ કરવામાં આવી. તેમની યાદને પણ પ્રોફેસર ઉએનોની કબર સાથે જોડવામાં આવી, જેથી હાચિકોના જીવન સાથે સંકળાયેલા ત્રણેય મુખ્ય પાત્રો – પ્રોફેસર ઉએનો, યાએકો અને હાચિકો – એક જ સ્મૃતિમાં સદાકાળ માટે જોડાઈ ગયા.

હાચિકોની કબર અને તેના માલિકની બાજુમાં રહેલી તેની અસ્થિઓ માત્ર એક સ્મારક નથી. તે સમગ્ર માનવજાતને એક અનમોલ સંદેશ આપે છે— "સાચો પ્રેમ ક્યારેય મૃત્યુ પામતો નથી. સાચી વફાદારી સમયની મર્યાદાઓને પાર કરીને અમર બની જાય છે." હાચિકો પોતાના માલિકને જીવતા મળવા માટે દસ વર્ષ સુધી દરરોજ શિબુયા સ્ટેશન પર રાહ જોતો રહ્યો. પરંતુ મૃત્યુ પછી પોતાના પ્રિય માલિકની બાજુમાં સદાકાળ માટે શાંતિપૂર્વક વિરાજમાન રહેવાનું તેને જે સ્થાન મળ્યું તે તેની આજીવન નિષ્ઠાનું સર્વોચ્ચ સન્માન હતું. આ કારણે હાચિકોની કબર આજે માત્ર એક સ્મશાનસ્થળ નથી; તે પ્રેમ, વફાદારી, કરુણા અને અખૂટ સમર્પણનું વિશ્વપ્રસિદ્ધ તીર્થસ્થાન બની ગઈ છે. તે હાચિકોના વારસાને માત્ર ઐતિહાસિક ઘટના તરીકે નહીં, પરંતુ જાપાન અને સમગ્ર વિશ્વ માટે એક જીવંત મૂલ્ય તરીકે રજૂ કરે છે. હાચિકો માત્ર એક

અકિતા જાતિનો કૂતરો નહોતો. તે અટૂટ વફાદારી, નિઃસ્વાર્થ પ્રેમ, ધીરજ, કરુણા અને અડગ વિશ્વાસનું જીવંત પ્રતીક બની ગયો. પોતાના માલિક પ્રોફેસર હિદેસાબુરો ઉએનોના અવસાન પછી લગભગ દસ વર્ષ સુધી દરરોજ શિબુયા સ્ટેશન પર તેમની રાહ જોનાર હાચિકોની ઘટના માત્ર જાપાનના ઇતિહાસમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના માનવ ઇતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે.

હાચિકોની વાર્તા આપણને શીખવે છે કે સાચો પ્રેમ કોઈ સ્વાર્થ પર આધારિત નથી. પ્રેમનું સાચું સ્વરૂપ રાહ જોવામાં, વિશ્વાસ રાખવામાં અને અંત સુધી નિષ્ઠાવાન રહેવામાં છે. આ કારણસર આજે પણ લાખો લોકો હાચિકોને માત્ર એક કૂતરા તરીકે નહીં પરંતુ માનવીય મૂલ્યોના જીવંત આદર્શ તરીકે યાદ કરે છે. જાપાનમાં હાચિકોનું નામ રાષ્ટ્રીય ગૌરવ સાથે જોડાયેલું છે. ટોક્યોના શિબુયા સ્ટેશનની બહાર આવેલી તેની કાંસ્ય પ્રતિમા આજે દેશના સૌથી પ્રસિદ્ધ સ્મારકોમાંની એક છે. દરરોજ હજારો લોકો આ પ્રતિમા પાસે આવે છે, ફોટોગ્રાફ લે છે અને પોતાના મિત્રોને મળવા માટે પણ આ સ્થળને ઓળખ તરીકે પસંદ કરે છે.

દર વર્ષે ૮ એપ્રિલે "હાચિકો ઉત્સવ" ઉજવવામાં આવે છે. આ પ્રસંગે લોકો તેની પ્રતિમા સમક્ષ ભેગા થઈને તેની વફાદારીને શ્રદ્ધાંજલિ આપે છે. આ ઉજવણી માત્ર એક પ્રાણીની યાદમાં નથી; તે વફાદારી, કૃતજ્ઞતા અને કરુણાના મૂલ્યોનું સન્માન છે. શિબુયા સ્ટેશનના એક મુખ્ય પ્રવેશદ્વારને "હાચિકો-ગુચી" (Hachikō Entrance) નામ આપવામાં આવ્યું છે. જ્યાં હાચિકો પોતાના માલિકની રાહ જોતો હતો તે સ્થળ આજે કાંસ્યના પંજાના નિશાનોથી ચિહ્નિત કરવામાં આવ્યું છે. આ દર્શાવે છે કે જાપાન પોતાના ઇતિહાસ અને મૂલ્યોને કેટલી આત્મીયતાથી સાચવી રાખે છે. હાચિકોના જન્મસ્થળ ઓદાતે (અકિતા પ્રીફેક્ચર)માં પણ અનેક પ્રતિમાઓ, સ્મારકો અને અકિતા-ઇનુ હોલ દ્વારા તેની યાદને જીવંત રાખવામાં આવી છે. શાળાના વિદ્યાર્થીઓને હાચિકોની વાર્તા સંભળાવવામાં આવે છે જેથી નવી પેઢીમાં વફાદારી અને દયાના સંસ્કારો વિકસે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ધાતુની અછતને કારણે હાચિકોની મૂળ કાંસ્ય પ્રતિમા ઓગાળી દેવામાં આવી હતી. પરંતુ યુદ્ધ પૂર્ણ થયા પછી જાપાનના લોકોએ પોતાની મુશ્કેલ આર્થિક પરિસ્થિતિ હોવા છતાં ફરીથી નાણાં એકત્ર કરીને નવી પ્રતિમા ઊભી કરી. આ ઘટના અત્યંત પ્રેરણાદાયક છે. તે દર્શાવે છે કે મૂર્તિનો નાશ થઈ શકે, પરંતુ મૂલ્યોનો ક્યારેય નાશ થતો નથી. હાચિકોની નવી પ્રતિમા જાપાનના પુનર્જીવન, આશા અને માનવીય સંસ્કૃતિના પુનઃનિર્માણનું પ્રતીક બની. હાચિકોની લોકપ્રિયતા જાપાનની સીમાઓમાં મર્યાદિત રહી નથી. તેની વાર્તાએ વિશ્વભરના કરોડો લોકોના હૃદયને સ્પર્શ્યા છે.

૧૯૮૭માં જાપાનમાં "હાચિકો મોનોગાતારી" ફિલ્મ બની અને ૨૦૦૯માં હોલીવુડમાં "Hachi: A Dog's Tale" ફિલ્મ દ્વારા હાચિકોની વાર્તા વિશ્વના દરેક ખૂણે પહોંચી. આ ફિલ્મ જોયા પછી અસંખ્ય લોકો ભાવવિભોર થયા અને માનવ તથા પ્રાણી વચ્ચેના પ્રેમને નવી દૃષ્ટિથી સમજવા લાગ્યા. અમેરિકાના રોડ આઇલેન્ડ રાજ્યના વૂન્સોકેટ શહેરમાં પણ હાચિકોની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી. આ દર્શાવે છે કે હાચિકો હવે માત્ર જાપાનનો નહીં પરંતુ સમગ્ર માનવજાતનો વારસો બની ગયો છે.

Google દ્વારા તેના જન્મદિવસ નિમિત્તે Google Doodle બનાવવામાં આવ્યું. પુસ્તકો, બાળકોની વાર્તાઓ, ટેલિવિઝન કાર્યક્રમો, એનિમેશન, વિડિયો ગેમ્સ અને વિવિધ ભાષાઓના સાહિત્યમાં પણ હાચિકોની વાર્તા જીવંત રહી છે. હાચિકોની વાર્તા આપણને માત્ર વફાદારી જ શીખવતી નથી; તે કરુણા કોને કહેવાય તે શીખવે છે. આજના યુગમાં માનવ જીવન ખૂબ વ્યસ્ત બની ગયું છે. સંબંધો ઘણીવાર સ્વાર્થ અને ઉપયોગિતાના આધારે બંધાય છે. આવી પરિસ્થિતિમાં હાચિકો આપણને યાદ અપાવે છે કે સાચો પ્રેમ કોઈ બદલાની અપેક્ષા રાખતો નથી. જો એક પ્રાણી પોતાના માલિક માટે દસ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક રાહ જોઈ શકે, તો માણસ તરીકે આપણે પોતાના માતા-પિતા, પરિવાર, મિત્રો, ગુરુઓ અને સમાજ પ્રત્યે કેટલા વધુ વફાદાર, દયાળુ અને જવાબદાર બનવા જોઈએ? હાચિકોની કરુણા આપણને પ્રાણીઓ પ્રત્યે સંવેદનશીલ બનવાનું પણ શીખવે છે. દરેક જીવમાં લાગણી હોય છે, પ્રેમ કરવાની ક્ષમતા હોય છે અને વફાદારીનું મૂલ્ય હોય છે. તેથી દરેક જીવ પ્રત્યે દયા અને સન્માન રાખવું એ જ સાચી માનવતા છે.

હાચિકોનું જીવન એ સાબિત કરે છે કે મહાનતા માટે મનુષ્ય હોવું જરૂરી નથી; મહાન હૃદય હોવું જરૂરી છે. એક નિઃસ્વાર્થ કૂતરાએ સમગ્ર વિશ્વને પ્રેમ, વફાદારી, ધીરજ અને કરુણાનો એવો પાઠ શીખવ્યો છે, જે શતાબ્દીઓ સુધી ભૂલાશે નહીં. આજે શિબુયા સ્ટેશન પર ઉભેલી હાચિકોની પ્રતિમા માત્ર એક શિલ્પ નથી. તે માનવજાતને સતત યાદ અપાવે છે કે "સાચો પ્રેમ ક્યારેય મરતો નથી, સાચી વફાદારી ક્યારેય ખૂટતી નથી અને કરુણાથી ભરેલું હૃદય જ વિશ્વને વધુ સુંદર બનાવી શકે છે." આ જ હાચિકોનો સાચો વારસો છે—જાપાનનું ગૌરવ અને સમગ્ર વિશ્વ માટે માનવતાનો અમર સંદેશ.

હાચિકોનું જીવન સમાપ્ત થયું, પરંતુ તેની વફાદારીની ગાથા ક્યારેય સમાપ્ત થઈ નથી. જાપાને હાચિકોને માત્ર યાદ જ રાખ્યો નથી, પરંતુ તેના આદર્શોને પોતાની સંસ્કૃતિ, જાહેર જીવન અને નાગરિક વ્યવસ્થાનો એક ભાગ બનાવી દીધા છે. આજે હાચિકોના નામે બસ સેવા, પ્રવેશદ્વાર, સ્મારકો, સંગ્રહાલયો, વાર્ષિક ઉત્સવો અને અનેક જાહેર સ્થળો કાર્યરત છે. આ બધું દર્શાવે છે કે જાપાન પોતાના મૂલ્યોને કેવી રીતે જીવંત રાખે છે.

૧. હાચિકો બસ (Hachikō Bus) – વફાદારીને ગતિ આપતી બસ સેવા

વર્ષ ૨૦૦૩માં શિબુયા વોર્ડે સ્થાનિક નાગરિકોની સુવિધા માટે એક નાની કોમ્યુનિટી બસ સેવા શરૂ કરી. આ બસનું સત્તાવાર નામ "Shibuya Ward Community Bus" હતું, પરંતુ લોકો તેને પ્રેમથી "હાચિકો બસ" કહેવા લાગ્યા.આ બસનું નામ હાચિકોના સન્માનમાં રાખવામાં આવ્યું હતું, કારણ કે હાચિકો શિબુયા શહેરની ઓળખ બની ગયો હતો.

હાચિકો બસની વિશેષતાઓ

- બસો શિબુયાના સાંકડા રસ્તાઓ માટે ખાસ ડિઝાઇન કરવામાં આવી છે.
- વિવિધ રૂટોને ઓળખવા માટે બસોને લાલ, નારંગી અને વાદળી જેવા અલગ રંગ આપવામાં આવ્યા છે.
- બસની અંદર હાચિકોની તસવીરો અને તેના જીવનની માહિતી જોવા મળે છે.
- બસ માત્ર પરિવહનનું સાધન નથી; તે શિબુયાની સાંસ્કૃતિક ઓળખ પણ બની ગઈ છે.
- વર્ષ ૨૦૦૬થી મુસાફરો માટે બસમાં "હાચિકો બસનું ગીત" વગાડવામાં આવે છે. આ ગીતનો હેતુ માત્ર મનોરંજન નથી, પરંતુ લોકોને હાચિકોની વફાદારી અને પ્રેમની યાદ અપાવવાનો છે. શિબુયાની કેટલીક પ્રાથમિક શાળાઓમાં બપોરના ભોજન સમયે પણ આ ગીત વગાડવામાં આવે છે, જેથી નાનપણથી જ બાળકોમાં વફાદારી, કરુણા અને માનવતાના સંસ્કારો વિકસે.

૨. હાચિકો પ્રવેશદ્વાર (Hachikō-guchi)

શિબુયા સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વારોમાંથી એકનું સત્તાવાર નામ "હાચિકો-ગુચી" રાખવામાં આવ્યું છે. આ પ્રવેશદ્વાર વિશ્વના સૌથી પ્રસિદ્ધ મિલનસ્થાનોમાંનું એક બની ગયું છે. દરરોજ હજારો લોકો કહે છેઃ "ચાલો, હાચિકો સ્ટેચ્યુ પાસે મળીએ." આ રીતે એક કૂતરાનું નામ સમગ્ર શહેરના દૈનિક જીવનનો ભાગ બની ગયું છે.

૩. શિબુયા સ્ટેશન પર હાચિકોની પ્રતિમા

હાચિકોની કાંસ્ય પ્રતિમા આજે જાપાનના સૌથી પ્રસિદ્ધ સ્મારકોમાંની એક છે. દર વર્ષે લાખો પ્રવાસીઓ અહીં આવે છે. લોકો પ્રતિમાને સ્પર્શ કરે છે, તેની સાથે ફોટોગ્રાફ લે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. વર્ષોની આ શ્રદ્ધાને કારણે પ્રતિમાના આગળના પગ અને મોઢાનો ભાગ આજે પણ ચમકી ઊઠે છે.

૪. હાચિકો ઉત્સવ

દર વર્ષે ૮ એપ્રિલે શિબુયા સ્ટેશન ખાતે હાચિકો ઉત્સવ ઉજવવામાં આવે છે. આ પ્રસંગે.....

- હાચિકોની પ્રતિમાને ફૂલો અર્પણ કરવામાં આવે છે.
- બાળકો દ્વારા ગીતો ગવાય છે.

- વફાદારી અને પ્રાણીપ્રેમ વિશે પ્રવચનો યોજાય છે.
- જાપાન અને વિદેશના લોકો મોટી સંખ્યામાં હાજરી આપે છે.

આ ઉત્સવ એક પ્રાણી માટે નહીં, પરંતુ વફાદારીના મૂલ્ય માટેનું રાષ્ટ્રીય સન્માન છે.

૫. ઓદાતે શહેરના સ્મારકો

હાચિકોનું જન્મસ્થળ ઓદાતે (અકિતા પ્રીફેક્ચર) આજે હાચિકોની સ્મૃતિનું કેન્દ્ર બની ગયું છે. અહીં

- હાચિકોની અનેક પ્રતિમાઓ ● જન્મસ્થળનું સ્મારક ● અકિતા-ઇનુ હોલ
- અકિતા ડોગ વિઝિટર સેન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે. અહીં હાચિકોના જીવન અને અકિતા જાતિના ઇતિહાસ વિશે પ્રદર્શન યોજાય છે.

૬. હાચિકો અને પ્રોફેસર ઉએનોનું પુનર્મિલન

વર્ષ ૨૦૧૫માં ટોક્યો યુનિવર્સિટીમાં હાચિકો અને તેના માલિક પ્રોફેસર હિદેસાબુરો ઉએનોનું વિશાળ કાંસ્ય શિલ્પ સ્થાપિત કરવામાં આવ્યું. આ પ્રતિમામાં દર્શાવવામાં આવ્યું છે કે લાંબા વિયોગ પછી હાચિકો આનંદથી પોતાના માલિકને મળવા દોડી રહ્યો છે. આ પ્રતિમા સમગ્ર વિશ્વમાં પ્રેમ અને પુનર્મિલનનું અનોખું પ્રતીક માનવામાં આવે છે.

૭. હાચિકોના નામે અન્ય સ્મૃતિચિહ્નો:

જાપાનમાં હાચિકોના નામે અનેક વસ્તુઓ આજે પણ લોકપ્રિય છે.

- હાચિકો સ્મૃતિચિહ્નો
- પુસ્તકો
- ટપાલ કાર્ડ
- નોટબુક
- રમકડાં
- મીઠાઈઓ
- ચા
- ચોખાના ક્રેકર્સ
- ચોકલેટ
- હાચિકો સોસ

આ બધું દર્શાવે છે કે હાચિકો માત્ર ઇતિહાસનો ભાગ નથી પરંતુ જાપાનની લોકસંસ્કૃતિનો જીવંત અંશ છે.

૮. જન્મદિવસની ઉજવણી : ૧૦ નવેમ્બરે હાચિકોનો જન્મદિવસ વિશેષ રીતે ઉજવવામાં આવે છે. ૨૦૨૩માં તેની ૧૦૦મી જન્મજયંતિ પ્રસંગે

- વિશેષ કાર્યક્રમો યોજાયા,
- હોલોગ્રાફિક પ્રદર્શન બનાવવામાં આવ્યું,
- બાળકો માટે શિક્ષણ કાર્યક્રમો યોજાયા,
- સમગ્ર જાપાને હાચિકોને શ્રદ્ધાંજલિ આપી.

જાપાને હાચિકોને માત્ર એક વફાદાર કૂતરા તરીકે યાદ રાખ્યો નથી; તેણે હાચિકોને રાષ્ટ્રીય ચારિત્ર્યના પ્રતીક તરીકે સ્વીકાર્યો છે. હાચિકો બસ લોકોની સેવા કરે છે, હાચિકો પ્રવેશદ્વાર લાખો લોકોને આવકાર આપે છે, હાચિકોની પ્રતિમા લોકોને મળવાનું સ્થળ બની છે અને હાચિકો ઉત્સવ નવી પેઢીને વફાદારી, કરુણા અને કૃતજ્ઞતાનો પાઠ શીખવે છે. "કોઈ વ્યક્તિ કે પ્રાણીનું જીવન ત્યારે જ અમર બને છે, જ્યારે તેના આદર્શો સમાજના જીવનનો ભાગ બની જાય." હાચિકોનું જીવન આજે પણ જાપાનમાં બસોના પૈડાં સાથે ચાલે છે, શિબુયાના રસ્તાઓ પર શ્વાસ લે છે અને કરોડો લોકોના હૃદયમાં વફાદારી તથા કરુણાના દીપક તરીકે સદાય પ્રજ્વલિત રહે છે.

https://www.youtube.com/watch?v=avgUoqRpWic
https://www.youtube.com/watch?v=DJJzKMpg0Rs
https://www.youtube.com/watch?v=20SwZ34U67Q
https://www.youtube.com/watch?v=83-u8OuMQIM
https://www.youtube.com/watch?v=IOVeVOBplrQ
https://www.youtube.com/watch?v=nEiqAUVNHXE
https://www.youtube.com/watch?v=CyZnVPYBDcw
https://www.youtube.com/watch?v=3dBjE56ce_s
https://www.youtube.com/shorts/DAW0zY7nfg8
https://www.youtube.com/watch?v=Cp-BhcBNKbU
https://www.youtube.com/watch?v=_J-RbUNoBpA

oooooooooooo